Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

તબીબી વિદ્યાશાખા હેઠળની ફિઝિયોથેરાપી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીની BPT & MPTની પરીક્ષા દરમ્યાન નોન–ફિઝીયોવિષયના પરીક્ષકની નિમણૂંક અંગે ચર્ચા કરતા ફિઝિયોથેરાપી વિષયની અભ્યાસ સમિતિની તા.૨૪/૦૩/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ તબીબી વિદ્યાશાખાના ડીનશ્રી હાલ કાર્યરત ન હોય, યુનિવર્સિટી કાર્યાલયના આદેશાનુસાર અધરધેન ડીનશ્રીએ તબીબી વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ તબીબી વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૦૫/૦૫/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨૭ અન્વયે યથાવત સ્વીકાર કરેલ છે.

**<u>ફિઝિયોથેરાપી વિષયની અભ્યાસ સમિતિની તા.૨૪/૦૩/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી BPT & MPT ની પરીક્ષા દરમ્યાન નોન–ફિઝીયો વિષયના પરીક્ષકોની નિમણૂંક અંગે નીચે મુજબના મુદ્દાઓ અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૧. MPT ની યુનિવર્સિટી પરીક્ષા દરમ્યાન પ્રથમ વર્ષમાં જે પરિક્ષકો પ્રશ્નપત્રનું સેટીંગ કરે છે તેજ પરીક્ષકને જે તે વિષયના બન્ને સેકશન મળીને વધુમાં વધુ ૧૦૦ પુરવણી સુધી ચકાસણી કરાવવા ભલામણ છે.

૨. BPTના પ્રથમ વર્ષના નોન ફીઝીયોવિષયો જેવા કે Bio-medical Physics, Sociology & Psychology તથા English માં ફીઝીયોથેરાપીના પરીક્ષકોને પેપર સેટીંગ તેમજ પુરવણી ચકાસણી કરાવવા ભલામણ છે.

૩. ફીઝીયોથેરાપીના 3rd Year નોન–ફિઝીયો વિષય જેવા કે General Medicine, Pediatrics, General Surgery, Gynecology, Orthopedics તથા Neurology (Medicalના વિષયો) માં ફીઝીયોથેરાપીના પરીક્ષકો કે જેમને જે તે વિષયમાં સ્પેશિયાલાઈઝેશન કરેલું હોય તેમજ માસ્ટર ડીગ્રી કર્યા બાદ ઓછામાં ઓછો ૩ વર્ષનો શૈક્ષણિક અનુભવ અને યુનિવર્સિટી માન્યતા ધરાવતા પરિક્ષકોને પેપર સેટીંગ તેમજ પુરવણી ચકાસણી કરવા ભલામણ છે.

ઉપરોકત વિષયોમાં General Medicine માં MPT in Neuro./Cardio./Ortho., General Surgery માં MPT in Neuro./Cardio./Ortho/Rehab., Pediatrics માં MPT in Neuro., Gynecology માં MPT in Rehab., Neurology માં MPT in Neuro, તેમજ Orthopedics માંMPT in Ortho./Musculo-Skeletal ફીઝીયોથેરાપીના પરિક્ષકોની નિમણૂંક કરવા ભલામણ છે.

૪. પ્રથમ, દ્વિતિય અને તૃતીય બી. ફીઝીયોથેરાપીમાં ફીઝીયોથેરાપી સિવાયનાવિષયો જેવા કે Human Anatomy, Human Physiology (પ્રથમ વર્ષ બી.ફીઝીયો) Microbiology, Biochemistry, Pharmacology, Pathology (દ્વિતિય વર્ષ બી.ફીઝીયો) અને Biostatistics, (તૃતીય બી.ફીઝીયો) જેવા વિષયોમાં જે તે વિષયના સ્પેશિયાલાઈઝેશન પરીક્ષકોની પેપર સેટીંગ તથા પુરવણી ચકાસણી કરાવવા ભલામણ છે.

૫. ફીઝીયોથેરાપીના તમામ વિષયોમાં પેપર સેટીંગ અને પ્રેકટીકલ પરીક્ષામાં પુરવણી ચકાસણી માટે પરીક્ષકોની વયમર્યાદા ૬૨ થી વધારીને ૬૫ થી ૭૦ વર્ષ સુધીની કરવા ભલામણ છે.

ઉપરોકત મુદ્દાઓ અંગે તબીબી વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૦૫/૦૫/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨૭</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની BPT & MPT ની પરીક્ષા દરમ્યાન નોન–ફિઝીયો વિષયના પરીક્ષકની નિમણૂંક અંગે ચર્ચા કરતા ફિઝિયોથેરાપી વિષયની અભ્યાસ સમિતિની તા.૨૪/૦૩/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨ અન્વયે ઉપરોકત મુજબ કરેલ ભલામણ તબીબી વિદ્યાશાખાના ડીનશ્રી હાલ કાર્યરત ન હોય, યુનિવર્સિટી કાર્યાલયના આદેશાનુસાર અધરધેન ડીનશ્રીએ તબીબી વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ તબીબી વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ ક્રમાંક : ૧ થી ૪ નો યથાવત સ્વીકાર કરવો. તથા ભલમાણ ક્રમાંક : ૫ માં ૬૨ થી વધારીને ૬૫ વર્ષની વયમર્યાદા રાખવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

એકેડેમિક કાઉન્સિલના ઉપરોકત ઠરાવ અંતર્ગત ફિઝિયોથેરાપી વિષયની અભ્યાસ સમિતિની તા.૨૪/૦૩/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨ ના ઉપરોકત મુદ્દા નં.૧ થી ૪ નો અમલ કરવા આથી જાણ કરવામાં આવે છે.

ક્રમાંક : એસ./પરિપત્ર/ફિઝીયોથેરાપી/ ૧૨૩૧૭/૨૦૨૩
તા. ૨૬/૦૫/૨૦૨૩

કુલસચિવ વળ

પ્રતિ,

૧) તબીબી વિદ્યાશાખા હેઠળની તમામ ફિઝીયોથેરાપી કોલેજોના આચાર્યશ્રીઓ.
.....આપશ્રીની કોલેજના સંબંધિત શિક્ષકોને જાણ કરી અમલ કરવા સારૂ.

૨) અધરધેન ડીનશ્રી , તબીબી વિદ્યાશાખા

૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
...તરફ જાણ તેમજ અમલ સારૂ.